સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ

* * *

## 39 (૩૯) સરકારી માધ્યમિક શાળાઓના કર્મચારીઓએ બિનસરકારી માધ્યમિક શાળામાં કરેલી નોકરી પેન્શનના હેતુ માટે જોડી આપવા અંગે

શિક્ષણ વિભાગ, ઠરાવ નં. : એસએસએન-૩૪૭૬-૬૫૪૨-ગ,
સચિવાલય, ગાંધીનગર, તા. ૨૧-૨-'૭૯

ઠરાવ : બિનસરકારી માધ્ય. શાળાના કર્મચારીઓને સરકારી માધ્ય. શાળામાં કરેલ નોકરી પેન્શનના હેતુ માટે જોડી આપવાના સરકારે હુકમો કરેલા છે. આ પ્રમાણે Vice Varsa લાભ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે સરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓએ અગાઉ સરકાર સહાયિત બિનસરકારી માધ્ય. શાળામાં નોકરી તા. ૨૧-૧૨-'૭૧ના ઠરાવ અન્વયે કરવામાં આવેલી જોગવાઈઓ અને તેમાં વખતો-વખત કરવામાં આવેલ સુધારાને આધીન રહીને સરકારી માધ્ય. શાળાની નોકરી સાથે જોડી આપવાનું સરકારશ્રીએ ઠરાવેલ છે.

આ બાબતમાં જે તે કર્મચારીએ બિનસરકારી માધ્ય. શાળામાંથી છૂટા થતી વખતે સી.પી.એફ.ના ફાળાની જે રકમ મેળવેલ હોય તે તમામ રકમ (પોતાના ફાળા સિવાયની) અને તે રકમ ઉપર છૂટા થતી વખતે વ્યાજ તરીકે જે રકમ મેળવી હોય તે તમામ રકમ આ હુકમો થયાની એક વર્ષની મુદતમાં સરકારશ્રીમાં જમા કરાવવી. આ મુદતમાં વધારો કરવાની છૂટછાટ આપવાની કે સી.પી.એફ.નો ફાળો મળવાપાત્ર ગ્રેજ્યુઈટીમાંથી મેળવી લેવાની માંગણી બાબતમાં કોઈપણ પ્રકારમાં છૂટછાટ આપવામાં આવશે નહીં.

આ હુકમો શિક્ષણ વિભાગની ફાઈલક્રમાંક : એસએસએન-૩૪૭૬/૧૪૪૧૧-૬૫૨-ગ, ઉપર નાણા વિભાગની સંમતિ તા. ૨૩-૧-'૭૯ના રોજ મેળવી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, ચ. મો. કોઠારી
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ

* * *

## 40 (૪૦) બિનસરકારી માધ્યમિક શાળાઓના કર્મચારીઓ સી.પી.એફ. ના સભ્ય ન હોય તો પણ નોકરી પેન્શનપાત્ર ગણવા અંગે

શિક્ષણ વિભાગ ઠરાવ નં. : એસએસએન-૩૪૭૭/૧૦૬૨૫-ગ,
તા. ૩૧-૮-'૭૯

*વંચાણે લીધા : (૧) ભૂતપૂર્વ શિક્ષણ અને મજૂર વિભાગનો સરકારી ઠરાવ નં. :એસએસએન-૩૪૭૦/૪૧૮૪૫-ગ, તા. ૨૧-૧૨-'૭૧.*